## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મને તો સાહેબે અહી પગ ધોયા ત્યારે જ ખબર હતી કે... હવે પેલાને તો પૂરેપૂરા ધોઈ નાખવાના છે...

# સે-૩ની ૩૬ વર્ષીય મહિલા સ્વાઈન ફલુમાં સપડાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાંથી વધુ એક સ્વાઈન ફલુનો કેસ મળી આવેલ છે. આ સાથે આ સિઝનના કેસોની સંખ્યા ૨૦૫૨ પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે-૩ની એક ૩૬ વર્ષીય મહિલાને આજે પરીક્ષણ દરમિયાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ મહિલા દર્દીને સારવાર માટે અમદાવાદ-ગાંધીનગર માર્ગ પરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જયાં તેણીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે. તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે છુટા છવાયા કેસો મળી રહ્યા છે જો કે તંત્ર પગલાં લેવામાં કોઈ કચાશ છોડશે નહિ.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુથી એક મહિલા દર્દીનું મોત થયું છે. જો કે અત્યાર સુધી નોંધાયેલા કેસોમાં આધેડ વયના દર્દીઓ વધુ છે. જો કે મહિલાઓના કેસો પણ સામે જરૂર આવ્યા છે. પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

તંત્ર એ લોકોને ભીડભાડ વાળી જગ્યાએ અનિવાર્ય ના હોય તો જવાનું ટાળવું જોઈએ તેવી અપીલ કરી છે. તંત્રએ શરદી કફ સળેખમ થાય તો પણ સમયસર સારવાર લેવા આ અપીલમાં જણાવ્યું છે.

હાલ હોસ્પિટલમાં બે દર્દીઓ દાખલ છે. જયારે બાકીના દર્દી સંપૂર્ણ રોગમુકત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

# હાઉ ઈઝ ધ જૈશ-એ મોહમ્મદ ? ખતમ સર !!!

*આજે પરોઢીયે સાડા ત્રણ વાગે ભારતીય વાયુદળે પાકિસ્તાન હસ્તક કાશ્મીરના બાલાકોટ, મુજફ્ફરનગર અને ચાકોટી વિસ્તારમાં 'એરસ્ટ્રાઈક' કરીને જૈશે-એ-મોહમ્મદ સહિતના આંતકવાદી સંગઠનોના કેમ્પનો સફાયો કરી દીધાના સમાચારે સમગ્ર દેશમાં ભારે રોમાંચ અને જુસ્સાનો માહોલ સર્જી દીધો છે. ઉરી પરના આતંકવાદી હુમલા બાદ ભારતીય સૈન્યે કરેલી 'સર્જીકલ સ્ટ્રાઈક' બાદ ફરી એકવાર પુલવામા જિલ્લામાં થયેલા આંતકવાદી હુમલાનો પણ ભારતે જડબાતોડ જવાબ આપતા દેશવાસીઓની છાતી ગજ ગજ ફુલી રહી છે. દેશવાસીઓ ભારતના જવાનોના શૌર્યની પ્રસંશા કરતાં થાકતા નથી અને સોશ્યલ મિડિયા પર પોતાની પ્રતિકીયા ગર્વભેર આપી રહ્યાં છે. બીજી તરફ સોશ્યલ મિડિયા પર અવનવા ચબરાકિયાં દ્વારા પણ નેટીઝન્સ રમૂજ અને કટાક્ષ સાથે આ 'એરસ્ટ્રાઈક'ની ઉજવણી કરી રહ્યાં છે, અત્રે તેમાંથી કેટલાક પ્રસ્તુત છે.*

મેજર : હાઉ ઈઝ ધ જૈશ-એ-મોહમ્મદ,
સોલ્જર્સ : ડિસ્કોય સર.!!!

•••

"આજે આમ તો તારીખ ૨૬મી ફેબ્રુઆરી છે પરંતુ દેશમાં માહોલ એવો છે જાણે આજે ૨૬મી જાન્યુઆરી છે."

•••

"નોટબંધી રાત મેં, જીએસટી રાતમેં, સર્જીકલ સ્ટ્રાઈક રાતમેં, એરસ્ટ્રાઈક રાતમેં, ચોકીદાર રાતમેં હી ડ્યુટી કરતા હે."

•••

પાકિસ્તાન કા કુછ કામ હો તો બતાના,
હમારે પ્લેન રાત કો આતે જાતે રહેતે હે

•••

"ગાંધીનગરમાં વાવાઝોડા સાથે વરસાદ : વરસાદ નથી સાહેબ આ તો શહીદોની આત્માને આજે ભગવાને સાચી શ્રદ્ધાંજલિ આપી છે.

•••

"બે દિવસ પહેલા શાંતિ પુરસ્કાર લીધો, આજે ગાંધી શાંતિ એવોર્ડમાં બેઠા... રહેવા દો... આ માણસ કોઈની સમજમાં આવે તેવો નથી..!!"

•••

"પાકિસ્તાનના મેડિકલ સ્ટોર્સ પર ભારે હલચલ, ઝાડા બંધ કરવાની દવા લેવા લાઈનો લાગી, સ્ટોક ખતમ થતા ચીન પાસે માંગી મદદ.

•••

"મોદીજી જે કરવું હોય તે જલ્દી કરો પરમ દિવસે ભૂગોળની પરીક્ષા છે તો નકશામાં પાકિસ્તાન દોરવું કે નહી તે ખબર પડે."

•••

"૧૨ દિવસ પછી, ૧૨ વિમાન સાથે, ૩ વાગેને ૨૯ મિનિટે... ૧૨+૧૨+૩+૨૯ = ૫૬ ઈંચ

•••

"ભારતના ખાલી "મિરાજ"થી સ્ટ્રાઈકમાં વધુ તબાહ કરી નાંખ્યુ, વિચારો રજનીગંધા, પાનપરાગ, વિમલ, પાનબહાર બધાએ સાથે મળીને હુમલો કર્યો હોત તો શું થાત..!!!"

•••

બધુ જ રાત પડે અને સવાર ઉગે ને પહેલા થાય છે, એનો મતલબ "ચોકીદાર જાગે છે"

•••

વિપક્ષે પુછ્યું કે ૧૨ દિવસ કેમ લગાડી દીધા કાર્યવાહી કરવામાં તો મોદીએ કહ્યું કે "અરે ૧૨ દિવસ સુધી ઘરમાં શૉક હતો, કાલે ગંગાસ્નાન કર્યા પછી આજે આતંકવાદીઓનું તેરમું કરી દીધું."

•••

આજે રાજકુમારનો સુપ્રસિદ્ધ સંવાદ યાદ આવે છે "જાની, હમ તુમ્હે મારેંગે ઔર જરૂર મારેંગે લેકિન વો બંદૂક ભી હમારી હોગી, ગોલી ભી હમારી હોગી, ઔર વક્ત ભી હમારા હોગા... બસ જમીન તુમ્હારી હોગી.

•••

"બધી ગોળીઓ પાકિસ્તાનને આપી ખતમ ના કરશો, થઈ શકે છે કે સેનાની કાર્યવાહી પછી કદાચ સાબિતી માંગવા વાળાઓને પણ થોડી આપવી પડશે."

•••

૨૬ જાન્યુ-૨૦૦૧ - ભૂકંપ
૨૬ ડિસે. ૨૦૦૪ - સુનામી
૨૬ જુલાઈ-૨૦૦૫ - મુંબઈમાં પૂર
૨૬ મે-૨૦૦૭ - ગૌહાતી બ્લાસ્ટ
૨૬ નવે. ૨૦૦૮ - મુંબઈ ત્રાસવાદી હુમલો
૨૬ ફેબ્રુ. ૨૦૧૯ - એરએટેક ઈન પાકિસ્તાન

"ખાસ નોંધ : કોઈની લગ્ન તારીખ ૨૬ હોય તો આ બધી ઘટનાથી તેને કોઈ લેવા દેવા નથી."

•••

"ઈમરાનખાન કરગરી રહ્યો છે, એક તક આપો... અલ્યા ભાઈ તક આપવાવાળા તો અત્યારે વિપક્ષમાં બેઠાં છે, આ તો તક ઝડપવાવાળી સરકાર છે."

•••

માત્ર આંતકવાદીઓ જ મર્યા નથી, કેટલાંકની વડાપ્રધાન બનવાની તમન્ના પણ મરી પરવારી.

•••

"સાંજનું વાતાવરણ જોતા એવુ લાગે છે કે પરોઢિયે જે ૩૦૦ આતંકવાદીઓ ઉપર ગયા તેમણે ભગવાનને પ્રાર્થના કરી છે કે ભારતવાળા બહુ ગરમ થયાં છે, તેમને જલ્દી ઠંડા પાડો નહીં તો એ આખા પાકિસ્તાનને સળગાવી મુકશે."

•••

કોણે કહ્યું કે ફોગ ચાલે છે, ટીવી ચાલુ કરીને જુઓ, અત્યારે તો અમારી સેનાનો "ખૌફ" ચાલી રહ્યો છે.

•••

"ઈમરાનખાને પાકિસ્તાનની સેનાને ખુલ્લી છુટ આપી દીધી છે... જેને જયાંથી ભાગવું હોય ત્યાંથી ભાગી શકે છે."

•••

દર દસમી મિનિટે સમાચાર ચેક કરૂ છુ, શું ખબર ક્યારે મોદીજી ટીવી પર આવીને કહી દે કે, મિત્રો... હવે પાકિસ્તાન નથી રહ્યું..!!

•••

આપણે ભારતીયો બાર દિવસનો શોક પાળીએ છીએ અને તેરમા દિવસથી કામે ચઢીએ છીએ.

# ગુડાની એલ.આઈ.જી. યોજના અન્વયે ૫૮૦૦ લાભાર્થીઓએ ફોર્મ ભર્યા

## કુડાસણ અને સરગાસણની આવાસ યોજના અન્વયે ડ્રો ના માધ્યમથી મકાનની ફાળવણી કરાશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કુડાસણ અને સરગાસણમાં એલ આઈ જી આવાસો તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે. જયારે આ આવાસ યોજના અન્વયે ૨૦૨૩૬ લાભાર્થીઓએ અગાઉ ફોર્મ ભર્યા હતા. જયારે આ પૈકી ૫૮૦૦ જેટલા લાભાર્થીઓએ ફોર્મ ભરીને પરત કર્યા છે. આગામી દિવસોમાં કોમ્પ્યુટરાઈઝ ડ્રો ના માધ્યમથી લાભાર્થીઓને મકાનની ફાળવણી કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કુડાસણ અને સરગાસણ વિસ્તારમાં નવા એલ આઈ જી આવાસો તૈયાર કરવામાં આવશે. કુડાસણ અને સરગાસણમાં એલ આઈ જી પરિવારજનો માટે ૭૨૮ જેટલા આવાસો બાંધવામાં આવશે. જેને અનુલક્ષી ગુડા દ્વારા અગાઉ ફોર્મનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જે અન્વયે ૨૦૨૩૬ જેટલા ફોર્મનુ વિતરણ કરાયુ હતુ. જયારે આ પૈકી ફોર્મ ભરવાની મુદતના અંતે ગુડાને ૫૮૦૦ જેટલા અરજદારોએ ફોર્મ ભરીને પરત આપ્યા છે. જયારે ફોર્મ ભરવાની કાર્યવાહી પુર્ણ થતા હવે આગામી દિવસોમાં કોમ્પ્યુટરાઈઝ ડ્રો ના માધ્યમથી લાભાર્થીઓને મકાનોની ફાળવણી કરવામાં આવશે. ગુડા દ્વારા સરગાસણ તેમજ કુડાસણની આ યોજના અન્વયે ટુંકમાં જ ખાતમુહુર્ત વિધિ પણ યોજાશે. જેના અંતે આ યોજનાનુ કામ પણ શરૂ કરી દેવાશે. ગુડા દ્વારા હજુ પણ નવા એલ આઈ જી આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવશે. જો કે ગુડાની આ યોજના અન્વયે લાભાર્થીઓ જેટલા ફોર્મ લઈ ગયા હતા તેની સાપેક્ષમાં પુરતા ફોર્મ ભરીને તંત્રને સુપ્રત કરાવ્યા નથી. અલબત્ત ફોર્મ મેળવવાની સામે ભરવાના મામલે લાભાર્થીઓમાં નિરસતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે આ પૈકી કેટલાક ફોર્મ નામંજુર પણ થયા છે.

# આરોગ્ય કર્મચારીઓની મંત્રણા લેખિત બાંહેધરીના મુદ્દે તુટી પડી

ગાંધીનગર, તા. ૨૬

છેલ્લા ૧૨ દિવસથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરેલા આરોગ્ય વિભાગના કર્મચારીઓની સરકાર સાથે યોજાયેલી મંત્રણા લેખિત બાંહેધરી આપવાની માંગને લઈ તુટી પડવા પામી હતી.

આજે પંચાયત વિભાગના અગ્ર સચિવશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ મંત્રણાઓ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં શરૂ થઈ હતી અને એક તબક્કે ઉકેલ આવી જશે તેવુ લાગતુ હતુ પરંતુ મંડળ દ્વારા લેખિતમાં બાંહેધરી માંગતા મંત્રણાઓ તુટી પડી હતી.

મળતી વિગતો મુજબ બુધવારે આ મંત્રણાઓ આગળ વધશે. જોકે આરોગ્ય કર્મચારી મહાસંઘે જણાવ્યુ છે કે અમારી લડત ચાલુ છે.

દરમ્યાન આજે ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલ ખાતે આરોગ્ય કર્મયોગીઓ એકત્ર થયા હતા અને તેમણે સૂત્રોચ્ચાર કર્યો હતો તેમજ મહિલા કર્મચારીઓએ ગરબા ગાયા હતા.

## શેઠ સી.એમ.ના ધો-૧૦, ૧૨ના વિદ્યાર્થીઓને આવતીકાલથી રિસીપ્ટ અપાશે

સે-૨૩ સ્થિત શેઠ સી. એમ. ધો-૧૦ અને ૧૨ના રેગ્યુલર અને રીપીટર વિદ્યાર્થીઓએ તેમની બોર્ડીની પરીક્ષાની રિસીપ્ટ આવતીકાલે શાળામાંથી સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન મેળવી લેવાની રહેશે. રીસીપ્ટમાં જો કોઈ ભુલ કે વિસંગતતા માલુમ પડે તો દિન એકમાં શાળાનો ત્વરિત સંપર્ક કરવો તેમ શાળાના આચાર્ય ડો ચેતના બુચે જણાંવ્યુ છે.



સેક્ટર-૩/બી ખાતે આવેલ એસ.એસ.વી. શાળા કેમ્પસ ખાતે ત્રિ-દિવસીય ભવ્ય સાંસ્કૃતિક અને કાર્નિવલ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાયા હતા.

